**શિર્ષક : મીની ટ્રેકટરથી ચાલતો દવા છાંટવાનો પંપ વિકસાવવાથી ફાયદો**

**નામ: દેવશીભાઈ કરસનભાઈ ભૂતિયા  ગામ : ઠોયાણા તા. રાણાવાવ જી. : પોરબંદર**

**રાજ્ય : ગુજરાત  આભ્યાસ: ૧૨ પાસ**

**ઉમર વર્ષ: ૩૮  જમીન : ૨૦ એકર**

**મોબાઇલ નં. : ૯૯૭૮૭૬૦૩૫૫**

શ્રી દેવશીભાઈ ઠોયાણા ગામના ખુબજ ઉત્સાહી, ખંતીલા અને ખોઠાસુઝ વાળા પ્રગતિશીલ ખેડૂત છે. જેઓએ સામાન્યરીતે મગફળી-જીરૂં/ચણા-તલ/મગની પાક પધ્ધતિ અપનાવેલ છે. ઠોયાણા ગામ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ વિસ્તરણ પ્રવુંતીઓ માટે દતક લીધેલ ગામ પૈકી હોય, તેઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોના સંપર્કમાં છે. જેમાં તેઓને પોતાની ખેતી સંપુર્ણ વૈજ્ઞાનિક ઢબે કેવી રીતે થાય તે માટે ની માહિતી, કેન્દ્રની વિસ્તરણ પ્રવુંતીઓમાં ભાગ લઇ અથવા તો મોબાઈલ ફોન દ્વારા માહિતી તેમજ પ્રશ્નનોના નિરાકરણ પણ મેળવતા રાહે છે.

**મીની ટ્રેકટરથી ચાલતો દવા છાંટવાનો પંપ :**

શ્રી દેવશીભાઈ રાસાયણિક દવાનો કાર્યક્ષમ ઉપયોગ, તેની માત્રા અને છંટકાવની પધ્ધતિથી સંપૂર્ણપણે વાકેફ છે અને તે રીતે કરવા હંમેશા કટ્ટીબધ રહે છે. તેઓએ આ માટે મીની ટ્રેકટરથી ચાલતો એક દવા છાંટવાનો ફક્ત પંપ ખરીદયો. જેના પોતાના ટ્રેકટર મહિન્દ્રા યુવરાજ સાથેના જોડાણ પોતાની રીતે આપી, ૨૦૦ લી. ટાંકી સાથે જોડી થતા સ્ટેન્ડ બનાવી, પંપ ચાલવવા માટે પુલ્લી, વી-બેલ્ટ, વાલ્વ તથા દવા છંટકાવ માટે જરૂરી નોઝલ તથા સ્પ્રે બુમ માટે પાઈપ (જીઆઈ), નળિ વગેરેથી એક સાથે ૬૦ ફૂટ જેટલા વિસ્તારના પટ્ટામાં દવા છંટકાવ થાય તેવો દવા છાંટવાનો પંપ બનાવેલ છે.

પંપની વિગત : ટાંકીની ક્ષમતા : ૨૦૦ લી.  સ્પ્રે બુમની લંબાઈ : ૬૦ ફૂટ

નોઝલ સંખ્યા : ૨૦ નંગ  પંપની ક્ષેત્ર ક્ષમતા (ફિલ્ડ કેપેસિટી) : ૧.૫ હે./કલાક

ફાયદો : આ પંપનો ઉપયોગ તે દરેક પાકમાં નિદામણનાશક દવા તેમજ ફુગનાસક દવા છાંટવામાં કરે છે. જેને ભાડે ચલાવતાં પ્રત્યેક ટાંકી દીઠ ભાડું રૂ.૨૦૦-૨૫૦ લેવામાં આવે છે. આ પંપથી પ્રતિદિન કુલ ૨૦ ટાંકી જેટલી દવા છાંટતા લગભગ ૪૦૦૦/- થી ૫૦૦૦/- જેટલી આવક થાય છે અને તે અંદાજે ૧૮ માનવ દિવસોના દવા છંટકાવ જેટલું કામ આપે છે. આ ઉપરાંત તેણે પોતાના જ ખેતરમાં જીરૂં પાક (રવિ ૨૦૧૧) માટે આ પંપનો ઉપયોગ કરતાં સમયસર, પધ્ધતિસર અને ચોકકસ માત્રામાં દવાના છંટકાવથી તેઓને ૧૫૬૨ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર જીરૂંનું ઉત્પાદન મળ્યું જયારે આજુબાજુના અન્ય ખેડૂતો (પાંચ ખેડૂતોનું સરેરાશ) ૧૦૫૦ કિ.ગ્રા. ઉત્પાદન મળેલુ હતું.



